# પંચાયતો માટે વીજાણુ મતદાન યંત્ર દ્વારા ચૂંટણી પ્રક્રિયા



રાજ્ય ચૂંટણી આયોગ

ગાંધીનગર

# અગત્યની સૂચના

- આ તાલીમ મોડયૂલ કોઈપણ કાયદાઓ, નિયમો, હેન્ડબૂક, ચેકલીસ્ટ, રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓનો વિકલ્પ નથી. પરંતુ ચૂંટણીની કામગીરી સરળ રીતે સમજવા માટેનું એક સાધન માત્ર છે.

- ક્ષેત્રિય કામગીરીમાં જયારે અને જે કોઇ બાબત પરત્વે દ્વિધા ઉત્પન્ન થાય ત્યારે અથવા યોગ્ય નિર્ણય લેવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો–૧૯૯૪ તે પરત્વેના સુધારાઓ, રાજ્ય ચૂંટણી આયોગની વખતોવખતની સૂચનાઓ, હેન્ડબુક અને અદાલતના ચુકાદાઓનો અભ્યાસ જરૂરી છે.

# વીજાણુ મતદાન યંત્રના સંચાલન માટેની મહત્વની બાબતો

ઈવીએમ વિષેની સામાન્ય સમજ કેળવવી

ઈવીએમ માટેની જરૂરિયાતો સમજવી

ઈવીએમની પ્રથમ લેવલ તપાસ (એફ.એલ.સી-First Level Checking) કરવી

ઈવીએમની ગોઠવણ કરવી

ઈવીએમ તૈયાર કરવું

ઈવીએમની સલામતી, પરિવહન અને સ્ટોરેજ માટેની પૂરતી વ્યવસ્થા ગોઠવવી


ઈવીએમમાં રજૂ થતા સંદેશાઓના અર્થ સમજવા

મોક પોલની પ્રક્રિયાનું આયોજન કરવું

ઈવીએમ માટે શું કરવું અને શું ન કરવું તેની યાદી તૈયાર કરવી

મતદાન પૂર્ણ થયા બાદ તેને બંધ કરો અને સીલ મારો

# પંચાયતોની એકપદીય ચૂંટણીમાં વાપરવાના વીજાણુ મતદાન યંત્ર (ઈ.વી.એમ.) MK-IV



# વીજાણુ મતદાન યંત્રની સુરક્ષા વ્યવસ્થા


ઈવીએમ માટેની બેગ- નિયંત્રણ એકમ




ઈવીએમ માટેની બેગ- મતદાન એકમ

નિયંત્રણ એકમ અને મતદાન એકમને સુરક્ષિત ઉંચકવા/પેક કરવા માટેની એક ખાસ પ્રકારની બેગ હોય છે

# વીજાણુ મતદાન યંત્ર(ઈ.વી.એમ.) સામાન્ય દેખાવ



# વીજાણુ મતદાન યંત્ર એક-બીજાને જોડતા બે ભાગમાં

મતદાન એકમ

નિયંત્રણ એકમ




# મતદાન એકમ

મતદાન એકમ નીચે મુજબ છ ભાગમાં વહેંચાયેલું છે.

- (૧) નિયંત્રણ એકમને જોડતા વાયર
- (૨) તૈયારી સૂચક ગોળો (રેડી લેમ્પ)
- (૩) સ્લાઈડ સ્વીચ વિન્ડો
- (૪) ૧૬ ઉમેદવારના ક્રમ, નામ અને ચિન્હ દર્શાવતું પાનું
- (૫) ૧૬ ઉમેદવારના લેમ્પ
- (૬) ૧૬ ઉમેદવારના બટન


# મતદાન એકમ વિષેની સામાન્ય સમજ કેળવવી




આ એ બેલેટીંગ યુનિટ છે જેમાં મતદાતા પોતાના પસંદગીનાં ઉમેદવારને મત આપે છે

અંદરનો કનેકટીંગ કેબલ કાયમી માટે બેલેટીંગ યુનિટ સાથે જોડાયેલો હોય છે

# મતદાન એકમની સામાન્ય સમજ




ઈન્ટરકનેકટીંગ કેબલ

રેડી લેમ્પ (ગ્રીન)

સ્લાઈડ સ્વીચ વિન્ડો

બ્રેઈલ લિપીમાં લખાયેલાં નંબર

ઉમેદવાર માટેનું બટન

ઉમેદવાર માટેની લાઈટ

બેલેટ પેપરની સ્ક્રીન

# મતદાન એકમ

- મતદાન એકમ - જેમાં હરીફ ઉમેદવારની ક્રમાનુસાર યાદી અને તેમને ફાળવેલ પ્રતીક દર્શાવવામાં આવે છે.
- એક મતદાન એકમમાં ૧૬ ઉમેદવારનો સમાવેશ થઈ શકે છે.
- આવાં ૪ મતદાન એકમો એકબીજા સાથે જોડી કુલ ૬૪ ઉમેદવારો માટે પ્રક્રિયા હાથ ધરી શકાય.
- પ્રથમ મતદાન એકમનું એકબીજાને જોડતું કેબલ નિયંત્રણ એકમ સાથે જોડી મતદાન અંગેની કામગીરી હાથ ધરી શકાય.
- મતદાન એકમમાં જેટલા હરીફ ઉમેદવારો હોય તેટલા જ ઉમેદવારોના બટન ખુલ્લા રાખવામાં આવે છે.

# મતદાન પ્રક્રિયા

- નિયંત્રણ એકમમાંથી મતદાન માટે બેલેટ બટન દબાવતાંની સાથે મતદાન એકમમાં ઉપરના ભાગે લીલી લાઈટ (રેડી લેમ્પ) દેખાય છે.
- મતદાન એકમમાં દરેક ઉમેદવારના નામ અને ચિન્હ સામેનું વાદળી બટન દબાવવાથી બટનની આગળની લાલ લાઈટ થાય છે અને મત નિયંત્રણ એકમમાં જમા થાય છે.
- મતદાન એકમના વાદળી બટન દબાવવાથી બટનની આગળની લાલ લાઈટ થાય છે, જયારે મતદાન એકમના ઉપરના ભાગે લીલી લાઈટ (રેડી લેમ્પ) બંધ થાય છે.

# વીજાણુ યંત્ર દ્વારા મતદાન પ્રક્રિયા




મતદાતા મત આપી શકે તે માટે જ્યારે પોલીંગ ઓફિસર 'બેલેટ' બટન દબાવે છે ત્યારે બીઝી લેમ્પમાં 'લાલ' લાઈટ થાય છે. જ્યારે મતદાતા મત આપી દે છે ત્યારે તે લાઈટ બંધ થઈ જાય છે.

૧૦ થી ૧૫ મિનિટ સુધી કોઈપણ બટન દબાવવામાં ન આવે ત્યારે કંટ્રોલ યુનિટ પાવર સેવ મોડમાં થઈ જાય છે. ત્યારે પાવર ઓન લેમ્પ દર પાંચ સેકન્ડે ઝબકતો દેખાય છે.

બીઝી લેમ્પ (લાલ)

ડ્યૂઅલ લાઈન ડીજીટલ ડીસ્પ્લે પેનલ

પાવર ઓન લેમ્પ (લીલો)

# મતદાન એકમની ચકાસણી

- પ્રમુખ અધિકારીશ્રીએ મતદાન એકમ અને નિયંત્રણ એકમને એકબીજા સાથે જોડવાની કામગીરી જ કરવાની છે.
- મતદાન એકમ સ્વીકારતા સમયે હરીફ ઉમેદવારોની યાદી યોગ્ય રીતે ગોઠવાયેલ છે કે કેમ તે ચકાસવું.
- મતદાન એકમની ઉપર અને નીચે એમ બન્ને બાજુ સીલ થયેલ છે તે ચકાસવું.


# નિયંત્રણ એકમ

- નિયંત્રણ એકમ મતદાનની સમગ્ર પ્રક્રિયાને નિયંત્રિત કરે છે.
- આ નિયંત્રણ એકમનું પ્રમુખ અધિકારી અથવા પ્રથમ મતદાન અધિકારી દ્વારા સંચાલન કરવાનું રહેશે.
- આ મતદાન એકમ નીચેના ચાર ભાગમાં વિભાજિત છે.
- (૧) પ્રદર્શન વિભાગ
- (૨) કેન્ડીડેટ સેટ વિભાગ
- (૩) પરિણામ વિભાગ
- (૪) બેલેટ સેકશન

# નિયંત્રણ એકમ પ્રદર્શન વિભાગ

- નિયંત્રણ એકમના બહારના પ્રદર્શન વિભાગની ડાબી બાજુએ ચાલુ બંધ થતી લીલી લાઈટ હોય છે.
- મશીન ચાલુ હોવા છતાં ૧૦ મીનીટ પછી આપોઆપ પાવર સેવ મોડમાં જતાં આ લીલી લાઈટ ઝાંખી દેખાવા લાગશે.
- પ્રદર્શન વિભાગમાં નિયંત્રણ એકમની વિવિધ ગતિવિધિ પ્રદર્શિત થાય છે.
- પ્રદર્શન વિભાગમાં જમણી બાજુએ લાલ લાઈટ છે.
- નિયંત્રણ એકમમાં કોઈપણ પ્રક્રિયા ચાલુ હોય ત્યારે લાલ લાઈટ થાય છે.તે દરમ્યાન અન્ય કોઈ નવો કમાન્ડ કાર્ય કરી શકતો નથી.

# નિયંત્રણ એકમની  સામાન્ય સમજ કેળવવી




બીઝી લેમ્પ (લાલ)

ડીસ્પ્લે સ્ક્રીન

કેન્ડીડેટ સેટ સેક્શન


રીઝલ્ટ સેક્શન

બેલેટ સેક્શન

પાવર ઓન લેમ્પ (લીલું)

# નિયંત્રણ એકમની  સામાન્ય સમજ કેળવવી

ખુલ્લું કરવા માટે ઢાંકણું દબાવો





તળિયાનાં ભાગનું કવર

કવર ખોલવા માટે ખેંચો

# નિયંત્રણ એકમની  સામાન્ય સમજ કેળવવી




પાવર માટેની સ્વીચ

ડેટા કનેક્ટીંગ ઈન્ટરફેસ માટેનું સોકેટ

બેલેટ યુનિટની અંદર જોડાયેલાં કેબલ માટેનું સોકેટ

# નિયંત્રણ એકમ (ઉમેદવાર નિયત કરવા)

- નિયંત્રણ એકમમાં ઉમેદવારો નિયત કરવાના વિભાગને ઉચકતાં તે બે ભાગમાં દેખાય છે.
- ડાબી બાજુએ પ્રથમ બેટરી ગોઠવવી પડે છે.
- જમણી તરફનો બીજો ભાગ ઉચકતાં ઉમેદવારો નિયત કરવાનું એકમ દેખાશે.
- ઉમેદવારો નિયત કરવાની કામગીરી ચૂંટણી અધિકારી કક્ષાએથી કરાવામાં આવે છે.
- પ્રમુખ અધિકારીશ્રીએ આ વિભાગમાં કોઇ પ્રક્રિયા કરવાની રહેતી નથી.
- ઉમેદવારો નિયત કરવાના વિભાગમાં ૨૪ કલાક ઉપરાંત ચાલે તેટલી બેટરી નાંખેલી જ હોય છે.
- પ્રદર્શન વિભાગમાં બેટરીની ક્ષમતા પ્રદર્શિત થાય છે.

# નિયંત્રણ એકમ (પરિણામ વિભાગ)

- નિયંત્રણ એકમમાં પરિણામ વિભાગનો ભાગ ખોલતાં તેમાં નીચે પ્રમાણે ૪ બટન હોય છે.
- (૧) ક્લોઝ- મતદાનની પ્રક્રિયા બંધ કરવા માટે
- (૨) રીઝલ્ટ- મતદાનનું પરિણામ દર્શાવે છે.
- (૩) પ્રિન્ટ - મતદાનના પરિણામની પ્રિન્ટ આપે છે.
- (૪) ક્લીયર- મતદાનની સમગ્ર માહિતી દૂર કરે છે.

# નિયંત્રણ એકમ- પરિણામ વિભાગ


ક્લોઝ બટન

રીઝલ્ટ સેક્શનનો બહારનો દરવાજો

રીઝલ્ટ બટન

ક્લીયર બટન

પેપર સીલ કરવા માટેની ફ્રેમ




સીલ માટેના દોરાઓ ફીટ કરવા માટેના કાણાઓ

અંદરના ભાગનો દરવાજો

પ્રિન્ટ બટન


અંદરના ઢાંકણા

બહારના ભાગનો દરવાજો

# નિયંત્રણ એકમ (મતદાન વિભાગ)

- નિયંત્રણ એકમના નીચેના ભાગને બેલેટ સેક્શન કહેવામાં આવે છે.
- તેમાં બે બટન હોય છે.
- (૧) બેલેટ બટન : મતદાન આપવાની અનુમતિ આપવા માટે
- (૨) ટોટલ બટન : ચોક્કસ સમયે થયેલ કુલ મતદાનનો આંકડો જાણવા માટે.
- મતદાન વિભાગમાં મતદાન શરુ થયાની અને બંધ થવાના સમયની નોંધ થાય છે.
- મતદાન શરુ કરતા પહેલાં ટોટલ બટન દ્વારા શૂન્ય મતની ખાત્રી કરવી.

# નિયંત્રણ એકમ- મતદાન વિભાગ




ટોટલ બટન

બઝર

બેલોટ બટન

# ઈવીએમ વિષેની સામાન્ય સમજ

- યુનિક સિરિયલ નંબર - પ્રત્યેક કંટ્રોલ યુનિટ એક યુનિક નંબર ધરાવે છે જે તેની પાછળના ભાગે રહેલ મેટલ સ્ટ્રીપના નંબર અને સી.યુ.નાં બારકોડ સાથે મેચ થતાં હોય છે.

- રીઅલ ટાઈમ ક્લોક **(RTC)** : રીઅલ ટાઈમ ક્લોકનો ઉપયોગ સમય અને તારીખ જોવા માટે કરવામાં આવે છે. 'પાવર ઓન' તથા 'ટોટલ' બટન દબાવવાથી અત્યારની તારીખ અને સમય દેખાય છે. અન્ય કોઈ ખોટું સંચાલન થાય તો ‘CLOCK ERRORc દેખાય છે પરંતુ બીજા અન્ય બધા કાર્યો ચાલુ રહે છે. આ ઘડીયાળ દરેક મતનો સમય પણ નોંધી રાખે છે

# ઈવીએમ વિષેની સામાન્ય સમજ

- **Status of Battery Power –** જે બેટરીના પાવરની સ્થિતિ બતાવે છે. જો જરૂર પડે તો એવું પણ બતાવે છે કે cCHANGE BATTERYc અર્થાત બેટરી બદલો
- **Power Save Mode –** યુનિટ જ્યારે કામમાં ન હોય ત્યારે પાવર સેવ મોડમાં ચાલ્યુ જાય છે. આથી પાવર લાંબો સમય સુધી ચાલે છે.
- **Print –** કયો મત ક્યારે પડ્યો છે તે જાણવા માટે જો જરૂર પડે તો તે અંગેની પ્રિન્ટ કાઢવા માટે આ બટનનો ઉપયોગ કરવામાં આવે છે.
- **Braille-** <u>અંધ મતદારો માટે બેલેટ યુનિટમાં બ્રેઇલ લિપિમાં ઉપસાવેલા અક્ષરો હોય છે.</u>

# ઈવીએમ વિષેની જરુરિયાત નક્કી કરવી

- ૬૪ ઉમેદવારો સુધી એક નિયંત્રણ એકમ (નોટા સહિત)
- મતદાન એકમની સંખ્યા ચૂંટણી લડતા ઉમેદવારોની સંખ્યાના આધારે હોવા જોઈએ.
- ૧૬ ઉમેદવારો (નોટા સહિત) સુધી ૧ મતદાન એકમ, ૧૭ થી ૩૨ ઉમેદવારો માટે ૨ બેલેટ યુનિટ અને આ રીતે જ ૬૪ ઉમેદવારો માટે ૪ (ચાર) બેલેટ યુનિટ તથા એક નિયંત્રણ એકમ જોઈએ.
- બે ચૂંટણીઓ એક સાથે યોજાતી હોય ત્યારે નિયંત્રણ એકમ અને મતદાન એકમના બે અલગથી સેટ રાખવા.
- ઈવીએમની તમારી જરૂરિયાત જિલ્લા ચૂંટણી અધિકારીને મોકલો.

# વીજાણુ મતદાન યંત્રોને તૈયાર કરવા

- ઈવીએમ ચૂંટણી અધિકારી કક્ષાએ ઉમેદવારો કે તેમના એજન્ટોની હાજરીમાં તેની તૈયારી કરાવવી જોઈશે.
- સમયને ધ્યાનમાં રાખીને આયોજન કરવું, જેમ કે, મશીનોની સંખ્યા, રાજકીય પક્ષોને ઈવીએમ કમીશનીંગ કેંદ્ર સુધી આવવામાં લાગતો સમય અને લેબલ મતપત્રોના છાપકામમાં લાગતો સમય.
- ઉમેદવારો તરફથી ઉમેદવારી પાછી ખેંચાય એ બાદ શકય એટલી વહેલી આ તૈયારી થઈ જવી જોઈએ.
- ચૂંટણી અધિકારીએ તેનાં પંચાયત વિભાગ માટે ૩ થી ૫ દિવસો નકકી કરવા જોઈએ.
- ચૂંટણીના એક અઠવાડિયા પહેલા બધાં જ ઈવીએમ તૈયાર થઈ જવાં જોઈએ.
- ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાની આર.ઓ.હેન્ડબૂક અને ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાની ઈ.વી.એમ તૈયાર કરવાની સૂચનાઓનો અભ્યાસ કરી તે મુજબની ગોઠવણ અને કાર્યવાહી કરવાની થાય છે.

# વીજાણુ મતદાન યંત્રોને તૈયાર કરવા

**ઈવીએમની તૈયારી કોણ કરશે અને કોણ હાજર રહેવાનું ?**



- ઉમેદવારે અથવા એજન્ટ અથવા તો અધિકૃત પ્રતિનિધિએ હાજર રહેવું
- મતવિસ્તારના એ.આર.ઓ. એ દેખરેખ રાખવી
- સમગ્ર પ્રક્રિયાના વિડિયો શૂટીંગ કરવું
- તૈયારી માટે આર. ઓ. ચાર્જમાં રહેશે
- 0L.VMG\ GMDLG[8[0 VIWSFZLVM
- નિરીક્ષકોએ હાજર રહેવું
- BELના અધિકૃત એન્જિનિયર

ઈવીએમની તૈયારી

# વીજાણુ મતદાન યંત્રોને તૈયાર કરવા સુરક્ષા વ્યવસ્થા



૧. હાજર ઉમેદવારો/એજન્ટોની સહીઓ સમાવતું રજિસ્ટર

૨. બધા કર્મચારીઓ અને ઉમેદવારો તેમ જ ઈવીએમને સમાવવા માટેનો વિશાળ હોલ

૩. હોલમાં કોઈ ઈલેક્ટ્રોનિક ડીવાઈસીસ કે બીજી કોઈ વસ્તુ જોડેલી તો નથી ને તેની ખાતરી માટે હોલની તપાસ કરવી

૪. કેમેરા, સેલ ફોન, જાસૂસી કેમેરાવાળી બોલપેન વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રોનિક સાધનો પ્રતિબંધિત રહેશે

૫. હોલના દરેક દરવાજા પર પોલીસ દળો રહેશે

૬. દરેક હોલના દરવાજે મેટલ ડીટેક્ટર રહેશે.

૭. હોલમાં દાખલ થનાર પ્રત્યેકને તપાસવામાં આવશે.

૮. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જારી કરાયેલ પાસ અને ઓળખપત્ર રજૂ કરવાથી જ પ્રવેશ મળશે.

૯. હોલમાંથી કોઈ પણ ચીજ કોઈપણ વ્યકિત બહાર લઈ જઈ શકશે નહી.

# Annexure-A
## (Register for Preparation of EVMs)

**Name of State/UT:**
**Name of District:**
**Address of Preparation of EVM hall:**
**Date:**

| S.No. | Name of candidate | Name of representative of candidates with party affiliation, if any | Identity document No. with date | Signature of candidates/ His representative | Remarks, if any. |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**Note: If a candidate or his representative is absent the proof of due service of notice to the candidate should be pasted in the register.**

ઈવીએમની તૈયારીનાં દિવસે જાળવવાનું થતું રજીસ્ટર

**(Name and signature of engineers of BEL/ECIL with ID No.)**

**(Name, designation, signature of officers nominated by District Election Officer)**

# વીજાણુ મતદાન યંત્રોની જિલ્લા કક્ષાએ ચકાસણી

- બીઈએલના એન્જીનિયરો દ્વારા કરવામાં આવતા પ્રથમ તબક્કાના ચેકીંગ (FLC) હંમેશા જિલ્લા હેડ ક્વાટર્સ પર જ કરવું
- ઈ.વી.એમ.ના પ્રથમ લેવલનાં ચેકીંગના સ્થળ, સમય અને તારીખ વિશે એક અઠવાડિયા પહેલા માન્ય રાજકીય પક્ષોને જાણ કરવી.
- નિયંત્રણ એકમ અને મતદાન એકમ પર અગાઉની ચૂંટણીના લખેલ શબ્દો, એડ્રેસ ટેગ અને બેલેટ પેપર ને દૂર કરવા.
- અગાઉના ચૂંટણીના ડેટા દૂર કરવા અને નિયંત્રણ એકમ અને મતદાન એકમને સાફ કરવા.
- ખામીવાળા યુનિટો જો દેખાય તો તેની ખામી દૂર કરવા માટે અલગ તારવવા.

# વીજાણુ મતદાન યંત્રોની જિલ્લા કક્ષાએ ચકાસણી

- મશીનોના ઉત્પાદક દ્વારા દર્શાવવામાં આવેલ કાર્યપ્રણાલિ વિશેની તમામ ચકાસણી બીઈએલના એન્જીનિયરો દ્વારા કરવામાં આવે.
- મશીનમાં કોઈ જગ્યાએ ભાંગતૂટ નથી તે ખાતરી કરવા તેના તમામ ઢાંકણા, કનેક્ટર, વાયરો, સીયુ, બીયુ અને તે માટેની બેગ વગેરે એ તમામની નક્કર રીતે ખરાઈ કરવી.
- મોક પોલ યોજવું અને કુલ મશીનોના ૧૦ % મશીનોમાં ૧૬ ઉમેદવારો સામે ૧૦૦૦ મતો નાંખવા
- ૧૦% ઈવીએમ મશીનોની ક્રમવાર ગોઠવી તેના મોકપોલના પરિણામોની પ્રિન્ટ કાઢવી.
- નિયંત્રણ એકમોના કેન્ડીડેટ સેટ સેક્શન અને રિઝલ્ટ સેક્શન વચ્ચે પિંક પેપર સીલ અને તેમાં એન્જીનિયર તથા જિલ્લા ચૂંટણી અધિકારીના પ્રતિનિધિની સહી પણ હોવી જરૂરી છે.

# વીજાણુ મતદાન યંત્રોની જિલ્લા કક્ષાએ ચકાસણી

- પ્રથમ લેવલનું ચેકીંગ પૂર્ણ થયા પછી એન્જીનિયરની સહી સાથેના સ્ટીકર, નિયંત્રણ એકમ અને મતદાન એકમમાં પાછળના ભાગે સ્ટીકરનાં સ્લોટમાં ચોટાડવા.
- સ્ટીકરના સ્લોટમાં લગાડેલ સ્ટીકર ઉપર ચૂંટણી અધિકારી અને જિલ્લા ચૂંટણી અધિકારીના પ્રતિનિધિએ યોગ્ય જગ્યાએ સહી કરવી.
- ચકાસાયેલાં અને પ્રમાણપત્ર આપેલા નિયંત્રણ એકમ અને મતદાન એકમને ગોઠવણ માટે તૈયાર રાખવા માટે તેનો ડેટાબેઝ બનાવવો.
- જિલ્લા ચૂંટણી અધિકારીએ નિયંત્રણ એકમ અને મતદાન એકમને પંચાયતોના મત વિસ્તારમાં વહેંચણી માટે એક શિડયૂલ તૈયાર કરવું

# કમીશનીંગ બાદ ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




ઈવીએમ બેગને સીલ મારો અને તેના પર એડ્રેસ ટેગ લગાડો

# વીજાણુ મતદાન યંત્રની કામગીરી ચકાસવી

- ઈવીએમનું કાર્ય સંચાલન સારી રીતે ચાલે છે તે ચકાસવું.
- આવી ચકાસણીમાં પારદર્શિતા આવે તે હેતુથી ઉમેદવારો અથવા ઉમેદવારોએ નિમેલા એજન્ટોની હાજરીમાં મોક પોલનું આયોજન કરવું.

## Annexure-C
## (Mock Poll certification during Preparation of EVMs)

**Date:.................**

**Name of State/UT:**
**Name of District:**
**Address of hall:**

It is certified that I have done mock poll on............. EVMs and I am fully satisfied with the functioning of EVMs.

| S.No. | Name of candidate | Name of representative of candidates with party affiliation, if any | Identity document No. with date | Signature of candidate/his representative | Remarks, if any. |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**Annexure C of CoI 2011:** ઈવીએમ તૈયારી વખતે મોક પોલનું સર્ટીફીકેટ **(૮)**

# Annexure-D
## (Mock Poll certification during Preparation of EVMs)

Date:……………..

**Name of State/UT:**
**Name of District:**
**Address of hall:**

It is certified that a printout of the result of mock poll as well as a sequential print out of every vote polled during the mock poll has been taken out from ……… EVMs picked up by me. There are no discrepancies between the votes polled during the mock poll and result in the print out.

| S.No. | Name of candidate | Name of representative of candidate with party affiliation, if any | Identity document No. with date | Signature of candidate/his representative | Remarks, if any. |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**Annexure D of CoI 2011** ઈવીએમ તૈયારી વખતે મોક પોલનું સર્ટીફીકેટ **(૯)**

# (Register for Sealing of Ballot Unit of EVMs using Pink Paper Seal)

Name of State/UT:
Name of District:
Address of FLC hall:
Date:


It is certified that the sealing of the Ballot Units using Pink Paper Seals has been done in my presence. I have put my signature on the Pink Paper Seals after sealing of the Ballot Units and I am satisfied with the sealing of the Ballot Units.


| Sl.No. | Unique ID No. of Ballot Unit | Pink Paper Seal Number |
|---|---|---|
| | | |
| | | |
| | | |

| S.No. | Name of candidate | Name of political party with party affiliation, if any | Identity document No. with date | Signature of candidate/ his representative |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**Annexure E of CoI 2011:**
ઈવીએમનાં બી.યુ. નાં ગુલાબી કલર નાં સીલનું રજીસ્ટર (૧૦)

# મોક પોલની કાર્યપધ્ધતિ




1

2

'રીઝલ્ટ સેકશન' ખોલો
તેમ જ મશીનનું બહારનું
અને ત્યાર બાદ
અંદરનું ઢાંકણું ખોલો


4

3






# મોક પોલ યોજવું




મશીનમાં એકપણ મત પડેલ નથી તે એજન્ટોને બતાવવા માટે ક્લીયર બટન દબાવો

# મોક પોલની કાર્યપધ્ધતિ








નિયંત્રણ એકમમાંનું બેલેટ બટન દબાવો. બીઝી લેમ્પ દબાવવાથી
ડીસ્પ્લે સેક્શન લાલ રંગનું થઈ જશે
સાથોસાથ મતદાન એકમમાંનો રેડી લેમ્પ
પણ લીલા કલરનો થઈ જશે.

એજન્ટોને કોઈપણ ઉમેદવાર માટે એક કે સરખા મતો નાંખવા કહો અને
તેઓએ કોને મત આપ્યો છે તેની નોંધ રાખવાનું પણ કહો.

# મોક પોલની કાર્યપધ્ધતિ




નિયંત્રણ એકમમાંના કલોઝ બટન દબાવો અને મોકપોલની કામગીરી બંધ કરો

નિયંત્રણ એકમમાં બેલોટ બટન દબાવો અને બેલેટ જુઓ કે કલોઝ બટન દબાવ્યા પછી કોઈ મત નોંધાઈ શકતો નથી. પરંતુ ઈનવેલીડ એવો મેસેજ દેખાય છે.

# મોક પોલની કાર્યપધ્ધતિ




રીઝલ્ટ બટન દબાવો અને મોક પોલનું પરિણામ જુઓ

જે-તે ઉમેદવારને જેટલા મતો અપાયા છે તે મુજબ જ પરિણામમાં મતો દેખાય છે કે નહીં તેની નોંધ કરી ચૂંટણી એજન્ટોને ખાતરી કરાવો.

# મોક પોલની કાર્યપધ્ધતિ

ખાતરી કરો કે તમામ ઉમેદવારોને નિયત કરેલ સરખા મતો પડયા છે



કલીયર 1

બેલેટ 2

કલોઝ 3

રીઝલ્ટ 4


કલીયર 5

સ્વીચ ઓફ 6

પેપરસીલ 7

# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું


Front Rear




રીઝલ્ટ સેકશનના ઈનર ભાગને સીલ મારવા માટેનું સ્પેશિયલ ટેગ

ઉપરની બાજું


નીચેની બાજું




આઉટર પેપર સ્ટ્રીપ સીલ **(23.5” X 1”)**


વેક્સ પેપર સાથનો ગુંદરવાળો ભાગ

# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




બન્ને રીઝલ્ટ માટે આપવામાં આવેલ
ફ્રેમોમાં બ્લ્યુ કલરનુ
પેપર સીલ લગાડો

# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




રીઝલ્ટ સેકશનના અંદરના ઢાંકણાને
એવી રીતે બંધ કરો કે
બ્લ્યુ પેપર સીલ બહાર રહી જાય


# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




રીઝલ્ટ સેકશનના બહારના ઢાંકણાને એવી રીતે બંધ કરો કે બલ્યુ પેપર સીલ બહાર રહી જાય

# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું


| A | B | | D |
|---|---|---|---|




ઢાંકણાના છેક નીચેના છેડેથી
હટાવીને ગુંદરવાળી
સ્ટ્રીપ સીલના 'એ' ભાગને
બ્લ્યુ પેપર સીલ નીચે રાખો


'એ'વાળા વેક્સ પેપરને દૂર કરો અને
બ્લ્યુ પેપર સીલના નીચેના લેયરને
ચોંટાડી દો

# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




વેક્સ પેપરના 'બી' વાળા ભાગને દૂર કરો અને તે બ્લ્યુ રંગના પેપર સીલના ઉપરના ભાગે ચોંટાડો

# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું





'બી' ચોંટાડી દીધા પછી ગુંદરવાળો ભાગ 'સી' ઉપર આવશે અને 'સી' પરનું વેક્સ પેપર દૂર કરો

# મોક પોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




બ્લ્યુ પેપર સીલને ઉપરના ભાગેથી હટાવીને તેના બન્ને લેયરને દબાવો તેમ જ તેના ઉપરના લેયરને 'સી' ઉપર દબાવીને ચોંટાડી દો

# મોકપોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




કલોઝ બટન બારીથી નીચે સ્ટ્રીપ સીલ કંટ્રોલ યુનિટની ફરતે ડાબી બાજૂથી વીંટી દો (એન્ટી કલોક વાઈઝ)

# મોકપોલ બાદ મતદાન માટે ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




હવે સ્ટ્રીપ સીલ ખરેખર ચોંટી ગયેલ છે. અને ધ્યાન રાખો કે ક્લોઝ બટનના ઢાંકણા પર આ સ્ટ્રીપ સીલ લાગેલી નથી.

# મતદાન એકમને તૈયાર કરવું

- વીજાણુ મતદાન યંત્ર તૈયાર કરવા અંગેની ઉમેદવારને એક અઠવાડિયા પહેલાં તારીખ, સમય અને સ્થળ વિશે પણ સૂચના આપવી જેની પહોંચ મેળવી દફ્તરે રાખવી.
- ઈવીએમની તૈયારીનાં દિવસ માટે બધી જ વ્યવસ્થાઓની ગોઠવણ કરવી.

- ઉમેદવાર સહિત હાજર રહેનાર તમામને ચૂંટણી અધિકારીએ સમગ્ર પ્રક્રિયાની જાણકારી આપવી.
- ટેબલ પર પ્લાસ્ટિક બબલ શીટ મૂકી, બેગમાંથી મતદાન એકમને બહાર કાંઢો તેના ઉપર ઉલ્ટું મુકવું

- બીયુના નંબર અને તેની બેગના નંબર સાથે સરખાવો (જો સરખા ન હોય તો બાજુમાં મૂકો)
- ઈસ્યૂ રજીસ્ટરમાં નંબરની નોંધણી કરો

# મતદાન એકમને તૈયાર કરવું

- ૪ એડ્રેસ ટેગમાં મશીન નંબર નોંધો
- એડ્રેસ ટેગમાં નિશાની કરો

- મતદાન એકમને સવળું મૂકો અને ઉપરનુ કવર ખોલો
- પ્રત્યેક મશીન જે પ્રમાણે ઉપયોગમાં લેવાવાનું છે તે રીતે યોગ્ય હરોળ અને મશીનોની સંખ્યા મુજબ સ્લાઈડ સ્વીચને યોગ્ય સ્થિતિમાં ગોઠવો

- બેલેટ પેપરના પાછળના ભાગે સહી કરો અને તેનાં પર પારદર્શક કવર લગાડો
- ઉમેદવાર માટેના બટન જેનો ઉપયોગ થવાનો છે તેને ખુલ્લા કરો અને જેનો ઉપયોગ નથી થવાનો તેવા બટનોને ઢાંકી દો
- બેલોટ સ્ક્રીનને બંધ કરો

# નિયંત્રણ એકમને તૈયાર કરવું

- નિયંત્રણ એકમને અલગ કરો અને મતદાન એકમની ડાબી બાજુ મૂકો
- બેગમાં લખેલ નંબરને નિયંત્રણ એકમનાં સિરિયલ નંબર સરખાવો (જો નંબર અલગ હોય તો તેને અલગ રાખો)
- બે એડ્રેસ ટેગમાં નિયંત્રણ એકમનો સિરિયલ નંબર નોંધો અને તેના પર એક નિશાન કરો
- નિયંત્રણ એકમ અને મતદાન એકમને એકબીજા સાથે જોડો
- નિયંત્રણ એકમના કેન્ડીડેટ સેટ સેક્શનમાં નવી બેટરી ગોઠવો
- ૧૦ % ઈવીએમમાં મોક પોલમાં ચોક્કસ મતો નાંખવાના તેમ જ ઉમેદવારોના પ્રતિનિધિઓને પણ પોતાની રીતે મોકપોલ કરવા મંજૂરી આપવી
- તમામ બટન દબાવી જૂઓ અને ખાતરી કરી જુઓ ઉમેદવારોની સંખ્યા બરાબર છે તેમ જ એકપણ મત પડેલ નથી.

# નિયંત્રણ એકમને તૈયાર કરવું

- નિયંત્રણ એકમ પરનું કેન્ડીડેટ સેટ બટન દબાવો અને બીપ સાઉન્ડ ઉપર સતત ધ્યાન આપો. ત્યાર બાદ મતદાન એકમનાં ખુલ્લા બટન દબાવો
- નિયંત્રણ એકમના cONc તથા cBUSY lampcના બીપ અવાજ સાથે તપાસ કરો
- ૧૦ % ઈવીએમ માટે પડેલા તમામ મોકપોલ મતોનાં રીઝલ્ટની ડેમો પ્રિન્ટ કાઢવી
- નિયંત્રણ એકમને સ્વીચ ઓફ કરો
- નિયંત્રણ એકમમાંથી મતદાન એકમને ડીસ્કનેકટ કરો અને નિયંત્રણ એકમના પાછળના ભાગેથી કવર બંધ કરો
- કેન્ડીડેટ સેટ સેક્શન બંધ કરો અને એડ્રેસ ટેગ સાથે તેમાં સીલ મારો
- એડ્રેસ ટેગ પરની ગાંઠમાં લાખ મૂકો અને તેમાં આર.ઓ.નું સીલ લગાવો.

# નિયંત્રણ એકમને તૈયાર કરવું

- મતદાન એકમના ઉપરના ભાગના કવરને બંધ કરો
- મતદાન એકમના કવરના ઉપરના ભાગે તથા તળિયાના ભાગે રહેલ કડીમાં સીલ લગાડો
- મતદાન એકમના ઈન્ટરકનેકટીંગ કેબલને ગોઠવો
- મતદાન એકમને એક પ્લાસ્ટિક કવરમાં મૂકો અને પછી તે તેના માટેની બેગમાં મૂકો.
- નિયંત્રણ એકમને એક પ્લાસ્ટિક કવરમાં મૂકો અને પછી તે તેના માટેની બેગમાં મૂકો
- બેગને અનુરૂપ એડ્રેસ ટેગ બાંધો

# વીજાણુ મતદાન યંત્રોનો સંગ્રહ

- વીજાણુ મતદાન યંત્રો જિલ્લા ચૂંટણી અધિકારીના નિયંત્રણ  હેઠળ એક સ્ટ્રોન્ગ રૂમમાં સંગ્રહ થશે.
- તૈયાર થયેલ નિયંત્રણ એકમ અને મતદાન એકમના નંબરો દર્શાવતાં મશીનોની એક વિગતવાર યાદી રાખવી.
- સ્ટ્રોન્ગ રૂમમાંથી વીજાણુ મતદાન યંત્રો  જયારે જયારે બહાર કાઢવામાં આવે ત્યારે તારીખ સમય સાથેની જાણ ઉમેદવાર અને ઓબ્ઝર્વરને પહોંચાડવી
- જનરલ પ્લાનની સુવિધાઓ, સ્ટોરેજ, સલામતી અને તપાસ માટે એક ઓબ્ઝર્વર હંમેશા જવાબદાર રહેશે.

# વીજાણુ મતદાન યંત્રોનું પરિવહન

- સલામતી દળો સાથે ગોઠવાયેલું પરિવહન (ટ્રાન્સપોર્ટેશન)
- વીજાણુ મતદાન યંત્રો જયારે પરિવહન થઈ રહયા હોય ત્યારે તે વાહનને ઉમેદવારો અનુસરી શકે છે.

# વીજાણુ મતદાન યંત્રોની સલામતી

- રૂમની અંદર બહારની કોઈ વ્યકિત પ્રવેશી શકશે નહીં
- ડબલ લોકીંગ સિસ્ટમ જેમાંની એક ચાવી ડીઈઓ અને આર.ઓ. પાસે રહેશે.
- જયારે જયારે પણ સ્ટ્રોંગ રૂમ ખોલવામાં આવે ત્યારે મુલાકાતીઓની નોંધ (લોગ બુક) માં કરવાની રહેશે.
- અગ્નિશમનના જરૂરી સાધનો પણ રાખવામાં આવશે.

# વીજાણુ મતદાન યંત્રમાં રજૂ થતા સંદેશાઓ (મેસેજ)

| | |
|---|---|
| CANDIDATES 16 | આ સંદેશો દર્શાવવે છે કે ઈવીએમમાં ૧૬ ઉમેદવારો નોંધાયેલાં છે |
| INVALID .............. | આ સંદેશો દર્શાવે છે કે કંટ્રોલ યુનિટમાં કોઈ બટન ક્રમ વગર જ દબાવવામાં આવ્યું છે |
| FULL .............. | આ દર્શાવે છે કે ઈવીએમ કે જેમાં વધુમાં વધુ (૨૦૦૦) મતો નોંધાવાની ક્ષમતા છે અને તે તમામ મતો નોંધાઈ ચૂક્યા છે અને મશીન ફુલ થઈ ચૂક્યુ છે |
| - - - - - - - - .......... | આ સંદેશો દર્શાવે છે. પાવર પેક નબળું છે, ખરાબ છે |
| BATTERY HIGH | આ દર્શાવે છે કે બેટરીની ક્ષમતા વધુ છે, બેટરી ફુલ છે |
| BATTERY MEDIUM | દર્શાવે છે કે બેટરીની ક્ષમતા મીડીયમ છે |

# વીજાણુ મતદાન યંત્રમાં રજૂ થતા સંદેશાઓ (મેસેજ)

| | |
|---|---|
| BATTERY LOW | દર્શાવે છે કે બેટરી પૂરી થવામાં છે |
| SL NO – E00001 | આ સંદેશો પીસીબીના ઈન્ટરનલ સીરીયલ નંબર દર્શાવે છે |
| COMPUTING RESULT | આ સંદેશો દર્શાવે છે કે પરિણામ ગણાઈ રહેલ છે |
| RESULT PDT 16-01-06 | આ સંદેશો પરિણામ તથા મતદાતનની તારીખ દર્શાવે છે |
| PST 09-50-20 PET 15-32-10 | આ સંદેશો મતદાન શરૂ થયાનો તથા પૂર્ણ થયાનો સમય દર્શાવે છે. |
| CANDIDATE 06 236 | આ સંદેશો દર્શાવે છે કે ૬ નંબરના ઉમેદવાર માટે ૨૩૬ મતો પડયા છે |

# વીજાણુ મતદાન યંત્રમાં રજૂ થતા સંદેશાઓ (મેસેજ)

| | |
|---|---|
| **PRINTING** | આ સંદેશો દર્શાવે છે કે પ્રિન્ટ કામગીરી ચાલું છે |
| **CLOCK ERROR** | આ સંદેશો દર્શાવે છે કે રીયલ ટાઈમ ક્લોક (ઘડિયાળ)માં કંઈક ભૂલ છે |
| **PRESSED ERROR** | આ સંદેશો દર્શાવે છે કે બેલોટીંગ યુનિટમાં રહેલ ઉમેદવાર માટેનું બટન દબાયેલું રહેલ છે અથવા તો જામ થઈ ગયું છે |
| **ERROR** | આ સંદેશો દર્શાવે છે કે કંટ્રોલ યુનિટ હવે ઉપયોગમાં નહીં લઈ શકાય |
| **LINK ERROR** | આ સંદેશો દર્શાવે છે કે કંટ્રોલ યુનિટ સાથે ઈન્ટરકનેક્ટીંગ કેબલ બરાબર રીતે જોડાયેલ નથી અથવા તો બેલોટીંગ યુનિટ માં સ્લાઈડ સ્વીચની સ્થિતિ બરાબર રીતે સાચા નંબર પ્રમાણે ગોઠવાયેલ નથી અથવા તો બેલોટીંગ યુનિટ બરાબર રીતે ક્રમ અનુસાર જોડાયેલ નથી. |

# વીજાણુ મતદાન યંત્રમાં રજૂ થતા સંદેશાઓ (મેસેજ)

| | |
|---|---|
| CU ERROR | આ સંદેશો દર્શાવે છે કે કંટ્રોલ યુનિટ બદલવાનું થાય છે |
| BU-1 ERROR | આ સંદેશો દર્શાવે છે કે બેલોટીંગ યુનિટ - ૧ બદલવાનું થાય છે |
| END | આ સંદેશો દર્શાવે છે કે 'ક્લીયર' અથવા 'રીઝલ્ટ' બટન દબાવ્યા પછી ક્રમ અનુસાર સંદેશા પૂરા થાય છે |
| TOTAL POLLED VOTES 1487 | આ સંદેશો દર્શાવે છે કે કુલ ૧૪૮૭ મતો નોંધાયા છે. |
| DTE 16-01-07<br>TME 09-43-34 | આ સંદેશો તારીખ અને સમય દર્શાવે છે. |
| DELETING POLLED VOTES | આ સંદેશો દર્શાવએ છે કે નોંધાયેલા મતો કંટ્રોલ યુનિટમાંથી ડીલીટ થઈ રહયા છે. |

# વીજાણુ મતદાન યંત્ર સંબંધે શું કરવું ?

**કરવું** ઈવીએમ ચલાવ્યા પહેલા ઈવીએમ વિશેની માર્ગદર્શિકા ધ્યાનપૂર્વક વાંચી લો.

**કરવું** બધી સ્વીચ દર્શાવેલી રીત પ્રમાણે જ હળવાશથી દબાવો.

**કરવું** ધૂળ, તડકો, વરસાદ, અગ્નિ જેવા તમામ જોખમી હવામાનથી ઈવીએમનું રક્ષણ કરો

**કરવું** નિયંત્રણ એકમ પરનાં કનેકટર સાથે ઈન્ટરકનેકટીંગ કેબલ બરાબર રીતે ગોઠવાઈ ગયેલ છે તેની ખાતરી તેને દબાવ્યા પહેલા જ કરો. આથી તે માત્ર એક દિશામાં જ ફીટ થશે.

**કરવું** ખાતરી કરો કે, બેલોટીંગ યુનિટ અને કંટ્રોલ યુનિટ જયારે ખોલવામાં આવે ત્યારે તેમાં સેકશનના ઢાંકણા બરાબર રીતે બહારના ભાગ ઉપર રહેલા છે.

# વીજાણુ મતદાન યંત્ર સબંધે શું ન કરવું ?

- ન કરવું — મશીનના બારણા, ઢાંકણા પર વધારે પડતું દબાણ આપવું
- ન કરવું — ઈવીએમને હીટર કે અન્ય ગરમ વસ્તુઓ પાસે રાખવા
- ન કરવું — ઈવીએમ ઉપર સીલ મારતી વખતે પીગળેલું મીણ ઢોળવું
- ન કરવું — વિવિધ સેકશનના ઢાંકણા કે દરવાજાઓ જોરથી ખોલવા
- ન કરવું — કંટ્રોલ યુનિટ કાઉન્ટિંગ ટેબલ પર હોય ત્યાં સંધી સ્ટ્રીપ સીલ દૂર કરવા
- ન કરવું — મતદાનમાં વપરાયેલ પાવર પેકને કંટ્રોલ યુનિટમાંથી દૂર કરવા
- ન કરવું — કંટ્રોલ યુનિટના કનેકટર સાથે ખુબ જ જોર પૂર્વક ઈન્ટર કનેકટર કેબલના છેડે આવેલ કનેકટરમાં અવળી દિશામાં ઘૂસાડવું
- ન કરવું — ડીસ્કનેકટ કરતી વખતે કનેકટરનાં ઢાંકણા પર આવેલી સ્પ્રીંગ જેવી કલીપને દબાવ્યા વિના જ કંટ્રોલ યુનિટમાંથી ઈન્ટરકનેકટીંગ કેબલને ખેંચવો

# મતદાન બાદ ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




મતદાન પૂર્ણ થયા બાદ નિયંત્રણ એકમ પરના ક્લોઝ બટન પર લાગેલ કેપને દૂર કરો

# મતદાન બાદ ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું





જે રીતે બતાવેલું છે તે રીતે બટન દબાવો

મતદાન બંધ થયેલ છે

ફરી વખત તેના પર કેપ લગાવી દો

નિયંત્રણ એકમ તમામ નોંધાયેલાં મતોની સંખ્યા બતાવે છે

# મતદાન બાદ ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું





નિયંત્રણ એકમના તળિયે રહેલા વિભાગને ખોલો અને પાવર બંધ કરીને ઈન્ટરકનેકટીંગ કેબલને ત્યાંથી ડીસ્કનેકટ કરો



નિયંત્રણ એકમ અને મતદાન એકમને પોતપોતાની બેગમાં સીલ સાથે બંધ કરો

# મતદાન બાદ ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




સીલ મારવાના દોરા સાથેનું એડ્રેસ ટેગ

રીઝલ્ટ અને પ્રિન્ટ વિન્ડોઝને મારવાનું બ્લ્યુ રંગનું પેપર સીલ

# મતદાન બાદ ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું




મતદાન સંપૂર્ણ પૂર્ણ થયા પછી કંટ્રોલ યુનિટ અને બેલોટીંગ યુનિટને જે - તે બેગમાં મૂકી તેને બંધ કરી એડ્રેસ ટેગ સાથે તેમાં સીલ મારી દો

# મતગણતરી પૂર્ણ થયા બાદ

- ઈવીએમમાં મતગણતરી પૂર્ણ થયા બાદ કંટ્રોલ યુનિટને ફરીથી સીલ કરતાં પહેલા કન્ટ્રોલ યુનિટમાંથી પાવરપેક (બેટરી) કાઢી લેવી.

# હવે તમો નીચેની બાબતો માટે સમર્થ છો

1. ઈવીએમ વિશેની સામાન્ય સમજ
2. ઈવીએમની જરૂરિયાત નકકી કરવી
3. ઈવીએમનુ <u>પ્રથમ લેવલની તપાસ કરવી</u>
4. મોક પોલ પ્રક્રિયા કરવી
5. ઈવીએમની તૈયારી કરવી
6. સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને સલામતી અંગેની ખાતરી
7. ઈવીએમમાં રજૂ થતા સંદેશાઓ સમજવા
8. શું કરવું જોઈએ અને શું ન કરવા અંગેની યાદી
9. મતદાન બાદ ઈવીએમને બંધ કરવું અને સીલ મારવું

